૪. સમાજના સર્વે કાર્યોની, સંસ્થાઓના વહિવટ તથા અન્ય કમિટિના કાર્યની સમીક્ષા કરી, યોગ્ય માર્ગદર્શન આપશે.

૫. સમાજ સંચાલિત સંસ્થાઓના હોદ્દેદારોની / કારોબારીની / ટ્રસ્ટી મંડળની નિમણૂંક પાંચ વર્ષ માટે કરશે. (જે તે સંસ્થાઓના બંધારણ મુજબ.)

૬. બંધારણના- ધારાધોરણોના ભંગ બદલ જરુરી કાર્યવાહી કરશે.

કલમ [૭] **સભ્ય પદ :**

૧. આ સમાજના **શ્રી બેતાલીસ દશાહુમ્મડ દિગંબર જૈન ચોખલા પંચ-ટ્રસ્ટ** (પંચના) હાલના ચાલુ સભ્યો તથા તેમના કુટુંબીજનો, વંશ-વારસો કે જેઓ દિગંબર જૈન મુની પંથમાં અને **વીસપંથી આમન્યાય**માં માને છે. દિગંબર નિગ્રંથ મુની ધર્મમાં માનતા, આ સમાજના (હાલના) કોઈપણ દિગંબર જૈન ભાઈ-બહેનો/કુટુંબીજનો, આ સમાજના માન્ય સભ્ય ગણાશે.

આવા બધા સભ્યોનું આ સંગઠન, **પંચ કે સમાજ** તરીકે ઓળખાશે.

૨. ૧૮ વર્ષથી ઉપરની કોઈપણ બેતાલીસ દશાહુમ્મડ દિગંબર જૈન વ્યક્તિ કે જે નિગ્રંથ મુની ધર્મમાં માનતી હોય તથા વીસપંથી આમાન્યમાં માનતી હોય તો તેમને નવા સભ્ય થવા માટેના મુકરર ફોર્મ / અરજી લખીને મંત્રીશ્રીને આપવાની રહેશે. સમાજની સંચાલન સમિતિને આપેલ ફોર્મ / અરજી **પાસ કરેથી** તેવી વ્યક્તિ તથા તેનાં કુટુંબીજનો આ સમાજના સભ્ય ગણાશે. આવા સભ્યોએ હાલના બંધારણ, ધારા-ધોરણોનું અને ભવિષ્યમાં થનાર નિયમો અને સુધારાનું પાલન કરવું પડશે.

૩. સભ્ય ફી :

(એ) કુટુંબ દીઠ (અલગ રસોડા દીઠ) રૂ. ૧૦૦૦/- ઠરાવેલ છે.

(બી) આ સમાજના પ્રતિનિધિ સભાના સભ્યની, સભ્ય ફી રૂ. ૫૦૦/- (પાંચ વર્ષ માટે) ઠરાવેલ છે.

(નોંધ : ૩ બી કલમ તા. ૧૯-૧૦-૨૦૧૯ની પ્રતિનિધિ સભા / જનરલ સભામાં રદ કરેલ છે.)

કલમ [૮] **પ્રમુખની ફરજો**

૧. પ્રમુખશ્રી, સમાજના વડા ગણાશે. સમાજની દરેક મિટિંગમાં સભાનું પ્રમુખસ્થાન સંભાળશે. સભાનું યોગ્ય રીતે સંચાલન કરશે.

૨. સમાજની તમામ કાર્યવાહી ઉપર, સમાજની સંસ્થાઓની તથા અન્ય કમિટિઓની કાર્યવાહી ઉપર ધ્યાન રાખશે. જરૂર પડે યોગ્ય માર્ગદર્શન આપશે.

૩. અંગત આક્ષેપો સિવાયની, **સમાજહિત**ની કોઈપણ નામી/અનામી અરજી મળે તો તે પ્રતિનિધિ સભામાં યોગ્ય કાર્યવાહી માટે રજૂ કરશે.

૪. સભામાં **ગેરવર્તણુંક કરનાર, અભદ્ર વર્તન કરનાર, હોદ્દેદારોનું તથા સમાજના કોઈપણ સભ્યનું સભામાં અપમાનજનક શબ્દો દ્વારા અપમાન કરનાર** સભ્યને પ્રથમવાર ચેતવણી આપશે. જરૂર પડે તેવા સભ્યને સભાની **બહાર કાઢશે. વિષમ પરિસ્થિતિ**માં સભા **મોકૂફ** પણ રાખી શકશે.

૫. દરેક સભામાં શિસ્ત અને શાંતી જળવાય તેવાં પગલાં લઈ શકશે.

૬. ચૂંટણી સિવાયના કોઈપણ એજન્ડા ઉપર સરખા મત પડતાં, તેઓ પોતાનો વધારાનો મત (કાસ્ટિંગ વોટ) આપી શકશે.

૭. સમાજની તથા સમાજની સંસ્થાઓના ભંડોળનો અથવા તેની મિલ્કતનો ગેરઉપયોગ ગેરવહિવટ, કોઈપણ સભ્ય કે હોદ્દેદાર દ્વારા થયેલ હોય તો તેની જાણ થયાથી તુર્તજ વહીવટ અટકાવી ૩૦ દિવસમાં કે વહેલીતકે પ્રતિનિધિસભા બોલાવી તે અંગે ઝડપી કાર્યવાહી કરશે.

૮. પ્રમુખશ્રી પોતાના રાજીનામાની લેખિત કોપી ઉપપ્રમુખશ્રી / મંત્રીશ્રીને આપશે. આવું રાજીનામું મળેથી ૬૦ દિવસમાં પ્રતિનિધિ સભાની મિટિંગ, મંત્રીશ્રી બોલાવશે અને આવી મિટિંગમાં રાજીનામાનો સ્વીકાર થાય તો ઉપપ્રમુખશ્રીની (ક્રમ મુજબના) નિયુક્તિ **"કાર્યવાહી પ્રમુખ"** તરીકે થશે અને નવા પ્રમુખ ના નિમાય ત્યાં સુધી પ્રમુખની ફરજો બજાવશે.

૯. સમાજ સંચાલિત સંસ્થાઓની મિટિંગમાં હાજરી આપી, તેનાથી માહિતગાર થઈ, જરૂરી માર્ગદર્શન પૂરું પાડશે અને જરૂર પડે સંસ્થાઓને જરૂરી આદેશ આપશે. (સંચાલન સમિતિમાં / પ્રતિનિધિ સભામાં મંજૂર થયેલ હોય તેવા આદેશો)

કલમ [૯] **ઉપપ્રમુખની ફરજો**

૧. પ્રસંગોપાત પ્રમુખશ્રીની ગેરહાજરીમાં ઉપપ્રમુખ (ક્રમમુજબના), પ્રમુખશ્રીની બધી જ ફરજો બજાવશે.

૨. પોતાનું લેખિત રાજીનામું પ્રમુખશ્રીને આપશે જે પછી મળનાર સંચાલન સમિતિમાં પાસ થયેથી મંજૂર ગણાશે.

પ્રમુખ/સંચાલન સમિતિ, આ ઉપપ્રમુખની જગા તુરત જ પૂર્ણ કરશે.

કલમ [૧૦] **મંત્રી (સેક્રેટરી)શ્રીની ફરજો**

૧. સમાજ તરફથી સઘળો પત્રવ્યવહાર કરવો.

૨. સમાજ ઉપયોગી, સમાજના હિત માટે જરૂરી વ્યક્તિઓનો સંપર્ક કરી સહકાર લેશે.

૩. પ્રમુખની લેખિત સંમતિથી, જનરલ સભા, પ્રતિનિધિ સભા, સંચાલન સમિતિ તથા સંસ્થાઓની મિટિંગ, તથા અન્ય કમિટિ બોલાવવાની રહેશે. આ અંગેના પરિપત્ર, જનરલ સભા માટે ૧ માસ પહેલાં, પ્રતિનિધિ સભા માટે ૧૫ દિવસ પહેલાં, સંચાલન સમિતિ માટે ૭ દિવસ પહેલાં, અને જરૂર પડેથી સંસ્થાઓની તથા અન્ય કમિટિ માટે ૭ દિવસ પહેલાં પોતાની સહીથી મોકલવાનો રહેશે. આવા પરિપત્રમાં એજન્ડા (કાર્યસૂચી) મિટિંગનું સ્થળ, તારીખ, સમય વગેરે હોવાં જોઈએ.

**જનરલ સભાના** પરિપત્રની નકલ, દરેક પ્રતિનિધિ સભ્યોને તથા દરેક ગામના દિગંબર જૈન મંદિરને મોકલવાની રહેશે.

૪. સમાજના કોઈપણ સભ્ય તરફથી મળેલ, સમાજના હિતમાં હોય તેવી અરજીનો નિકાલ ઓછામાં ઓછા ૬૦ દિવસમાં સંચાલિત સમિતિમાં કરવાનો રહેશે. પણ જો ગંભીર પ્રકારની અરજી હોય તો તેનો નિકાલ કરવા પ્રતિનિધિ સભા સત્વરે બોલાવવાની રહેશે.

૫. જરૂર પડે કોઈપણ ચૂંટણી અંગેના નિયમો, તે માટે જરૂરી ફોર્મ્સ તથા આ માટે જરૂરી કમિટિની નિમણૂંક માટે સંચાલન સમિતિ બોલાવી, જરૂરી કાર્યવાહી કરશે.

૬. જનરલ પંચમાં થયેલ ઠરાવોનો અમલ તે જ દિવસથી અમલમાં ગણાશે, જ્યારે પ્રતિનિધિ સભામાં થયેલ ઠરાવો દરેક પ્રતિનિધિ સભ્યોને ૩૦ દિવસમાં મોકલી આપવાના રહેશે. આવા થયેલ ઠરાવોનો અમલ પ્રતિનિધિ સભા મળ્યાની તારીખથી ૩૦ દિવસ બાદ ગણાશે.

કલમ [૧૧] **સહમંત્રીની ફરજો**

૧. મંત્રીશ્રીના દરેક કાર્યમાં મદદ કરવાની રહેશે.

૨. સોપેલી કમિટિઓ, સંસ્થાઓની કાર્યવાહી ઉપર ધ્યાન રાખવાનું રહેશે.

૩. પ્રસંગોપાત મંત્રીશ્રીની ગેરહાજરીમાં, મંત્રી (ક્રમમુજબના) તરીકેની તમામ ફરજો બજાવવાની રહેશે.

કલમ [૧૨] **કોષાધ્યક્ષ (ખજાનચી)ની ફરજો**

૧. સમાજ ફંડનો હિસાબ રાખશે, વાઉચરનું નિયમન કરશે.

૨. સમાજ ફંડનો વાર્ષિક હિસાબ તૈયાર કરી ઑડિટ કરાવશે.

૩. કોઈપણ પ્રકારના બીલો, ખર્ચના વાઉચરો ઉપર પોતાની સહી ઉપરાંત પ્રમુખ, મંત્રીની સહી અવશ્ય લેવી પછી જ ચૂકવણી કરશે.

૪. સમાજની સાધન, સામગ્રી તથા મિલ્કતોની નોંધ રાખવાનું રજીસ્ટર મેન્ટેન કરશે.

૫. ખજાનચી હાથ ઉપર વધુમાં વધુ સિલક રૂ. ૫૦૦૦ (પાંચ હજાર) રાખી શકશે.

કલમ [૧૩] **જનરલ પંચઃ**

૧. આ સમાજના તમામ સભ્યો/કુટુંબોનું રહેશે. પણ જરુર પડે વોટ(મત) આપવાનો અધિકાર ૧૮ વર્ષ કે તેથી વધુ વર્ષની વ્યક્તિઓને રહેશે.

૨. દર પાંચ વર્ષે બોલાવવું **ફરજીયાત** છે પરંતુ જરૂર પડ્યે વચ્ચે પંચ (સામાન્ય સભા) બોલાવી શકાશે.

૩. કાર્ય :

   ૧. નવી પ્રતિનિધિ સભાના સભ્યોની નિમણૂંક માટેની યોગ્ય કાર્યવાહી કરશે.

   ૨. પ્રતિનિધિ સભાની, સંચાલન સમિતિની તથા સમાજ સંચાલિત સંસ્થાઓની તથા અન્ય કમિટિઓની કાર્યવહીની સમીક્ષા કરશે, માર્ગદર્શન આપશે, જરુર પડે યોગ્ય ઠરાવો કરશે જે સર્વે સભ્યોને બંધન કરતા રહેશે.

   ૩. સમાજના બંધારણમાં ફેરફાર, જનરલ પંચમાં સર્વાનુમતે અથવા હાજર સભ્યોના ૨/૩ બહુમતીથી પંચમાં જ થઈ શકશે.

કલમ [૧૪] **પ્રતિનિધિ સભા :**

૧. દરેક ગામ દીઠ ઓછામાં ઓછા એક સભ્યો લેવાશે. પણ જે ગામમાં આઠ (૮) કરતાં વધુ ઘર/કુટુંબ/જુદા રસોડા હશે તો **આઠ** દીઠ એક ના હિસાબે વધુ સભ્ય પ્રતિનિધિ સભામાં લેવાશે. આવા સભ્યની ઉંમર ૧૮ વર્ષ કે વધુ હોવી જોઈએ.

૨. દરેક ગામના સમાજ બંધુઓ, પોતાના ગામ તરફથી પ્રતિનિધિ સભાના સભ્યોની નામાવલી તૈયાર કરીને, મંત્રીશ્રીને આપશે/મોકલશે અને **તે જ માન્ય ગણાશે.**

૩. સમાજની વ્યક્તિ **એક જ ગામ તરફથી** પ્રતિનિધિ સભ્ય બનશે. આવી વ્યક્તિ તે ગામની રહેવાસી/મૂળવતની હોવી જોઈએ.

૪. સમાજ સંચાલિત બધી સંસ્થાઓના હોદ્દેદારોએ પ્રતિનિધિ સભામાં હાજર રહેવું અને સંબંધીત સંસ્થા અંગેના સભ્યએ રજુ કરેલા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૫. આપણા સમાજના મૂળ ગામ સિવાય અન્ય સ્થળે, સમાજની વ્યક્તિઓ (કુટુંબો કે જુથ) રહેતા હોયતો અને **તેમની લેખીત માંગણી હોય તો** તેમને પ્રતિનિધિ સભામાં, સભ્ય તરીકે લેવા પણ આવા સભ્ય પોતાના મૂળગામ તરફથી પ્રતિનિધિ સભ્ય ન હોવા જોઈએ.

(**સૂચન** દા.ત નીચેના ગામ/શહેરના આપણા સમાજમાંથી રચાયેલા મંડળમાંથી હિંમતનગર ૨ સભ્યો, સલાલ સ્ટે. ૧ સભ્ય, દહેગામ ૧ સભ્ય, અમદાવાદ ૧૧ સભ્યો, પેટલાદ ૧ સભ્ય, મહેસાણા ૧ સભ્ય, રાજકોટ ૧ સભ્ય, કલોલ ૧ સભ્ય, વડોદરા ૨ સભ્ય, સુરત ૨ સભ્ય, મુંબઈ ૧૧ સભ્યો, પુના ૧ સભ્ય, સિકંદરાબાદ ૧ સભ્ય વગેરે)

૬. પ્રતિનિધિ સભાની રચના દર પાંચ વર્ષે જનરલ પંચમાં કરાશે.

૭. પ્રતિનિધિની ખાલી જગ્યા જે તે ગામના સભ્યો / મંડળોએ મંત્રીને લેખીત નામ આપી, એક માસમાં પૂર્ણ કરવાની રહેશે.

૮. પ્રતિનિધિ સભામાં ગેરહાજર રહેલ માન્ય સભ્યની જગ્યાએ, પ્રોક્ષીમાં તે જ ગામનો/મંડળનો બીજો સભ્ય હાજર રહી શકશે. **આવા સભ્યને મતાધિકાર નથી.**

૯. પ્રતિનિધિ સભા વર્ષમાં ઓછામાં ઓછી એક વખત અવશ્ય બોલાવવાની રહેશે.

**૧૦. પ્રતિનિધિ સભાના કાર્યો :**

૧. જનરલ પંચના ઠરાવોનું પાલન કરવું/કરાવવું.

૨. સમાજ તથા સમાજ સંચાલિત સંસ્થાઓની દેખભાળ-નિયમન કરશે.

૩. જરૂર પડે નવી કમિટીઓની નિયુક્તિ/રચના કરશે તથા તેના કન્વીનર તથા તે કમિટિ સભ્યોની નિમણૂંક કરશે.

૪. સમાજ કે સમાજ સંચાલિત સંસ્થાઓની સ્થાવર, જંગમ કે અન્ય મિલકત વેચવા, ખરીદવા, ગીરો મૂકવા ભાડે આપવા, બક્ષીસ, દાન આપવા, તથા અદલા-બદલાની વગેરે કાર્યો કરવાની સત્તા ભોગવશે. આ માટે ઠરાવ કરી સંસ્થાઓના ટ્રસ્ટીઓ કે હોદ્દેદારોને લેખીત આદેશ આપવાનો ઠરાવ કરી શકશે.

૫. સમાજના હિતમાં ધારાધોરણો તથા રીતિ-રિવાજોના નિયમો ઘડશે. તથા તેમાં સુધારા વધારા કરી શકેશે. જે સમાજના દરેક સભ્યને/કુટુંબોને બંધનકર્તા રહેશે.

૬. જનરલ સભા બોલાવવાની **ફરજ** પ્રતિનિધિ સભાને છે જેથી પ્રતિનિધિ સભાની મંજુરીને આધિન સમાજના પ્રમુખ/મંત્રી જનરલસભા (પંચ) યોગ્ય સ્થાને અને સમયે બોલાવશે.

૭. સમાજફંડ તથા સમાજ સંચાલિત સંસ્થાઓના હિસાબોની તથા વહિવટી ચકાસણી માટે પ્રતિનિધિ સભા સમાજમાંથી બે સભ્યોની **આંતરીક ઓડિટર્સની** નિમણૂંક કરશે.

૮. સમાજના વિકાસના કાર્યો માટે વ્યક્તિ દીઠ/કુટુંબદીઠ યોગ્ય ફાળો લેવાનું ઠરાવી શકશે.

૯. સમાજફંડ તથા સમાજ સંચાલિત સંસ્થાઓના વાર્ષિક હિસાબો મંજૂર કરશે.

૧૦. સમાજના વિકાસ માટે, ઈત્તર સમાજનો સાથ-સહકાર મેળવાનો ઠરાવ કરી અમલ કરશે અથવા જરુરી કાર્યવાહી કરશે.

૧૧. પ્રતિનિધિ સભાના સભ્યની, પોતાના ગામના કે અન્ય વ્યક્તિ-કુટુંબ કે હોદ્દેદારો દ્વારા બંધારણ તથા ધારાધોરણોનો ભંગ થયેલ હોય / ગેરવહીવટ અંગેની લેખીત જાણ સમાજના પ્રમુખ/મંત્રીને કરવાની ફરજ છે જ, જેથી સંચાલન સમિતિ યોગ્ય કાર્યવાહી કરી શકે.

૧૨. સમાજના હોદ્દેદારો/કોઈપણ કમિટિ તરફથી જે કાર્ય સોંપવામાં આવે તે કાર્ય કરવાની ફરજ પ્રતિનિધિ સભાના સભ્યને તથા સમાજના સભ્યને નિભાવવાની રહેશે.

૧૩. સમાજના હોદ્દેદારો, કારોબારીના સભ્યો માટે લેખિત ફરિયાદ આવે તો તે માટે પ્રતિનિધિ સભા યોગ્ય કાર્યવાહી કરશે.

કલમ [૧૫] **ઑડિટર્સ**

(અ) આંતરિક ઑડિટર્સ (બે વ્યક્તિની સંયુક્ત) પ્રતિનિધિ સભા નિયુક્ત કરશે.

**કાર્યો :**

૧. સમાજફંડ માટે ખજાનચી તથા સમાજની અન્ય સંસ્થાઓના હોદ્દેદારો જ્યારે હિસાબ સંપૂર્ણ તૈયાર કરી તપાસવાનું જણાવે ત્યારે હિસાબો તપાસી શકશે. તેના રિપોર્ટની એક કોપી સમાજના મંત્રીને મોકલી આપશે.

૨. સમાજની તથા સંસ્થાઓની તમામ સાધન, સામગ્રી જરૂરી પત્રકો, મિનિટબુક જરૂરી ફાઈલો, સિક્કાઓ, લેટરપેડ વગેરેની વ્યવસ્થિત નોંધ રાખેલ છે કે નહિ તેની ચકાસણી કરશે, જો બરાબર ન લાગે તો યોગ્ય સૂચનો, સુધારા લેખિતરૂપે આપશે. તેની એક કોપી સમાજના મંત્રીને મોકલવાની રહેશે.

(બ) ઓડિટર્સ : સમાજ સંચાલિત સંસ્થાઓ માટે, જે તે સંસ્થા નિયુક્ત કરશે.

કલમ [૧૬] **નાણાંકીય જોગવાઈ**

૧. **આવકના સાધનો :**

સમાજના ઉદ્દેશો પૂરા પાડવા જરૂરી નાણાં સભ્ય ફી, ફાળો, દાન, ભેટ, લોન, વ્યાજ, સહાય, ચેરીટી શો યોજીને શ્રમકાર્યો દ્વારા એકઠા કરી શકશે.

૨. **બેંક એકાઉન્ટ :**

રાષ્ટ્રીયકૃત બેંકમાં, નાણાં થાપણો રૂપે બચત કે ચાલુ ખાતામાં પ્રમુખ, મંત્રી અને ખજાનચીની સંયુક્ત સહીઓથી સમાજના નામે મુકાશે.

ત્રણ હોદ્દેદારો પૈકી ગમે તે બેની સંયુક્ત સહીથી લેવડ-દેવડ થશે (નાણાંકીય વ્યવહાર થશે).

૩. **હિસાબી વર્ષ :**

હિસાબી વર્ષ, સમાજ માટે તથા સમાજ સંચાલિત સંસ્થાઓ માટે ૧ એપ્રિલથી ૩૧ માર્ચ સુધીનું રહેશે અથવા સરકારી આદેશ મુજબ હિસાબી વર્ષમાં ફેરફાર થઈ શકશે.

કલમ [૧૭] **અન્ય જોગવાઈઓ**

૧. મંત્રી, સહમંત્રી, ખજાનચી, આંતરિક ઑડિટર્સ લેખિત રાજીનામું પ્રમુખને મોકલશે, પછીથી મળતી સંચાલન સમિતિમાં રાજીનામું મંજૂર કરી તે જગ્યાએ નવી નિમણુંક પ્રમુખશ્રી/સંચાલન સમિતિ કરશે.

૨. કોઈપણ સભાના ચુકાદા સામે, ફરીથી પ્રતિનિધિ સભામાં અરજી આપી શકશે.

૩. દરેક સભાનું કોરમ ૩૩% (૧/૩) રહેશે.

નોન કોરમ થતાં, તેવી સભા અડધો કલાક પછી તે દિવસે અને તે જ સ્થળે મળશે જેમાં એજન્ડા પ્રમાણે પાસ થયેલા ઠરાવોનું, સર્વે સભ્યોએ તેનું પાલન કરવું પડશે.

૪. છૂટા થતા હોદ્દેદારોએ, તે સંસ્થાની સાધન સામગ્રી, હિસાબી તથા અગત્યના રજીસ્ટરો, ફાઈલો તથા બીજી કોઈપણ પ્રકારની સમગ્ર ફાઈલો નવા હોદ્દેદારોને અવશ્ય તુરત જ સોંપવાની રહેશે.

૫. પ્રતિનિધિ સભા કે અન્ય કમિટિઓની મિટિંગમાં કોઈપણ સભ્ય લાગલગાટ **લેખિત જાણ કર્યા વગર ત્રણ કે વધુ વખત ગેરહાજર રહેશે** તો તેવી જગા ખાલી ગણાશે અને નિયમ મુજબ નવા સભ્યની તે જગા માટે નિમણુંક કરાશે.

૭. **અસાધારણ સભા :** કોઈપણ કારણસર, બંધારણ મુજબ જો પ્રમુખ પ્રતિનિધિ સભાની મિટિંગ ન બોલાવે તો, પ્રતિનિધિ સભાના **૫૧ સભ્યો** પોતાની સહીથી પ્રમુખને લેખિત અરજી આપે અને જો એક માસની અંદર પ્રતિનિધિ સભા તેઓ ન બોલાવે તો, આવા **૫૧ સભ્યો** પોતાના નામ અને સહીથી પરિપત્ર કાઢી, પ્રતિનિધિ સભા બોલાવી શકશે અને પરિપત્રમાં દર્શાવેલ એજન્ડા મુજબ ઠરાવો, હાજર સભ્યોના ૨/૩ મતોથી પસાર કરી શકશે, જે સમાજના તમામ સભ્યોને બંધનકર્તા રહેશે.

૮. કોઈપણ હોદ્દેદાર ગુજરી ગયા હોય, સ્વેચ્છાએ રાજીનામુ આપે, કોર્ટ દ્વારા નાદાર ઠરે, શારીરિક કે માનસીક રીતે કામ કરવામાં અશક્ત થાય, નૈતિક અધ:પતન થાય, વિદેશમાં કાયમી વસવાટ માટે ગયેલ હોય, તેવા સભ્યોની જગા આપોઆપ ખાલી થયેલી ગણાશે આવી ખાલી જગ્યા માટે

(૧) પ્રતિનિધિ સભ્યની તે જ ગામના સભ્યોની લેખિત રજૂઆતથી ભરેલી ગણાશે.

(૨) સંચાલન સમિતિના સભ્યની પ્રમુખશ્રી ભરશે.

(૩) સમાજ સંચાલિત સંસ્થાના હોદ્દેદારોની-કારોબારી સભ્યની તે સંસ્થાના બાકીના હોદ્દેદારો ભરી શકશે. (સંસ્થાના બંધારણને આધિન) તેની જાણ સમાજના મંત્રીને કરવાની રહેશે.

૧૦. જનરલ પંચમાં, પાંચ વર્ષનો હેવાલ રજૂ કરી, છપાવીને દરેક કુટુંબને સમાજના મંત્રીશ્રીએ મોકલવાનો રહેશે.

૧૧. સમાજના વિકાસની પ્રક્રિયાને વેગ મળે અને સમાજનો પાયો વધુ મજબૂત થાય તે માટે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર તેમજ સરકારી, અર્ધસરકારી અને ખાનગી સંસ્થાઓ સાથે માર્ગદર્શન માટે સતત વાટાઘાટો અને ચર્ચા વિચારણા કરવા કમિટિ નિમશે.

કલમ [૧૮] મિલક્તો સંબંધી

(૧) સમાજની તથા સમાજ સંચાલિત સંસ્થાઓની બધી જ મિલકતો સમાજની ગણાશે. સમાજ સંચાલિત સંસ્થાના પદાધિકારીઓ, સંસ્થા માટેની જંગમ મિલકત લેવા તથા વેચવા તથા **દાનમાં** રકમ (રૂ. ૧૧૦૦૦ થી વધુ) આપવા, પ્રમુખ કે સંચાલન સમિતિની લેખિત મંજૂરી લેવી આવશ્યક છે.

(૨) સમાજની તથા સંસ્થાઓની કોઈપણ પ્રકારની મિલ્કત કે ભંડોળ સભ્યો અંદરોઅંદર વહેંચી શકશે નહિ.

(૩) સમાજની-સંસ્થાઓના મિલ્કતના તમામ દસ્તાવેજો, ભાડાચીઠ્ઠીઓ તથા અન્ય જરૂરી પુરાવાઓ દર્શાવતા કાગળો વગેરે જે તેના કાર્યાલયમાં પૂર્ણ જાળવણી કરવાની ફરજ હોદ્દેદારોની રહેશે.

ઉપરની વિગતની તમામ ઝેરોક્ષ કોપીઓ સમાજના મંત્રીને અવશ્ય મોકલવાની રહેશે.

કલમ [૧૯] **આ સમાજ કે સમાજ સંચાલિત સંસ્થાઓનું વિસર્જન**

આ સમાજ કે સમાજ સંચાલિત સંસ્થાઓનું વિસર્જન કરવાના કપરા સંજોગો ઉદ્‌ભવે તો તે અંગેની સર્વ સત્તા જનરલ પંચને જ રહેશે.

બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ની જોગવાઈને આધિન કોઈ અનિવાર્ય સંજોગોના કારણે આ સમાજ/ટ્રસ્ટનું વિસર્જન અથવા બંધ કરવાની જરૂરીયાત ઉભી થાય તો તેવા સંજોગોમાં ટ્રસ્ટની મિલકત કોઈપણ ટ્રસ્ટી, સેટલર(લવાદ), દાતા અને મેમ્બર અથવા ટ્રસ્ટ બનાવનારને ન મળતા ટ્રસ્ટના દેવા-લેણાં અને જવાબદારીઓનો નિકાલ કર્યા બાદ જે સ્થાવર અને જંગમ મિલક્તનો બાકી રહે તેની વ્યવસ્થા પ્રવર્તમાન કાયદાને આધિન રહીને આ ટ્રસ્ટના હેતુઓ સાથે સુસંગત હોય તેવી કામ કરતી કોઈપણ જાહેર સંસ્થાને સોંપણી કરી ટ્રસ્ટનું વિસર્જન અથવા બંધ કરી શકાશે. આ બાબતે જરૂર જણાયે ટ્રસ્ટ કાયદાને આધિન રહીને ચેરિટી કમિશ્નરશ્રની મંજૂરી મેળવીને કાર્યવાહી કરવાની રહેશે.

આ માટે પંચની જનરલ સભા બે વખત બોલાવી મંજુરી લેવી પડશે.

(૧) પ્રથમ મિટિંગમાં કુલ સભ્યોના ૬૦ ટકા સભ્યો હાજર હોવા જોઈએ અથવા પ્રોક્ષી હોવી જોઈએ.

(૨) બીજી મિટિંગમાં હાજર સભ્યોમાંથી ૬૦ ટકા સભ્યોની મંજુરી લેવાની રહેશે.

**આ બંધારણ સમાજની જનરલ સભામાં તા. ૧૮-૦૫-૨૦૧૯ ના રોજ સર્વાનુમતે પાસ કરવામાં આવેલ છે.**

આ બંધારણની અસલ પરથી ખરી નકલ છે.

**તારીખ: ૦૧-૦૬-૨૦૧૯** **સ્થળ : અમદાવાદ**

| નં. | નામ | હોદ્દો | હોદ્દેદારોની સહી |
|---|---|---|---|
| ૧. | દિનેશચંદ્ર ચંદુલાલ ગાંધી | પ્રમુખ | |
| ૨. | મહેન્દ્રપ્રસાદ અમૃતલાલ કોટડીયા | ઉપપ્રમુખ | |
| ૩. | ગીરીશકુમાર નેમચંદ શાહ | ઉપપ્રમુખ | |
| ૪. | કલ્પેશ રતિલાલ દોશી | ઉપપ્રમુખ | |
| ૫. | સૂર્યકાન્ત કાંતિલાલ શાહ | મંત્રી | |
| ૬. | શાહ પરેશકુમાર ચંદુલાલ | સહમંત્રી | |
| ૭. | રિતેશકુમાર સુમતિલાલ શાહ | સહમંત્રી | |
| ૮. | કમલેશકુમાર મીઠાલાલ શાહ | સહમંત્રી | |
| ૯. | અતુલકુમાર જયંતિલાલ શાહ | ખજાનચી | |

| | (૧) | (૨) |
|---|---|---|
| સાક્ષી | | |
| નામ : | **સુમતીલાલ મીઠાલાલ કોટડીયા** | **રમેશકુમાર કાન્તીલાલ શાહ** |
| સરનામું : | બી-૭, લક્ષ્મી એપાર્ટમેન્ટ,<br>વિજય પાર્ક સામે,<br>નવરંગપુરા,<br>અમદાવાદ-૯. | ૫૦૧, બ્લોસમ રેસીડેન્સી - ૨,<br>નાબાર્ડ વિહાર સામે,<br>એલીબ્રિજ,<br>અમદાવાદ-૬. |

## વિભાગ-૨ અન્ય અગત્યની બાબતો

આ કલમોનું અને તેની પેટા કલમોનું પાલન **કરવું ફરજિયાત** રહેશે.

(આ વિભાગ-૨માં સુધારા વધારા પ્રતિનિધિ સભા કરી શકશે.)

૧. સમાજના બંધારણનો, ધારાધોરણનો, ગેરવહિવટ અંગેની બાબત માટે, સમાજફંડ ન આપવા બાબત માટે, અન્ય અગત્યની બાબતનો માટે મંત્રીશ્રી તેવી વ્યક્તિને રજીસ્ટર એડી.થી સભામાં હાજર રહેવાની જાણ કરશે. આવી વ્યક્તિ-વ્યક્તિઓ આવું રજીસ્ટર એડી. ન સ્વીકારે તો તેનો ન્યાય પ્રતિનિધિ સભા જે ચૂકવે તે, તેવી વ્યક્તિ-વ્યક્તિઓને બંધનકર્તા રહેશે.

૨. કોઈપણ ચુકાદાથી સમાજફંડમાં આપવાની રકમ ચુકાદાની તારીખથી **બે માસ**ની અંદર મંત્રી/ખજાનચીને આપવાની રહેશે.

૩. કોઈપણ ચુકાદાથી સમાજફંડમાં લેવાની રકમ **૩ માસમાં ન ચૂકવે** તો, તેવી વ્યક્તિ સમાજની કોઈપણ સંસ્થામાં હોદ્દેદાર, ટ્રસ્ટી, કારોબારી **સભ્ય તરીકે આપો-આપ રદ બાતલ ગણાશે,** તે પછી આ અંગે જગ્યા પૂરવા કારોબારી યોગ્ય કાર્યવાહી કરશે.

૪. (૧) સંસ્થા કે સમાજનાં નાણાં ઉચાપત કરનાર

(૨) સંસ્થા કે સમાજહિતના કાર્યોમાં ગેરવહીટ કરનાર કે અડચણ ઉભી કરનાર સભ્યને સમાજ/સંસ્થાના હોદ્દા ઉપરથી પ્રમુખશ્રી દૂર કરી શકશે તેવી જગ્યા સંચાલન સમિતિ પૂરશે.

૫. સમાજ તરફથી, પત્રિકા (સામાયિક પત્ર) પ્રકાશન કરવા યોગ્ય જોગવાઈ કરવી અને તેને લગતું પ્રકાશન બૉર્ડ રચવું.

૬. સમાજની કોઈપણ વ્યક્તિને, સમાજમાં કે સમાજની સંસ્થાઓમાં **બે થી વધુ હોદ્દા** ઉપર સ્થાન મળશે નહિ.

૭. સમાજ સંચાલિત સંસ્થાઓના

૧. મૂળ નામમાં ફેરફાર કરવા તથા મૂળ નામ સાથે બીજુ નામ જોડવા માટે,

૨. હોદ્દેદારો-ટ્રસ્ટીઓ / કોરોબારી સભ્યોની જગા ખાલી પડે તો, તેમની જગા પૂરવા માટે

૩. પોતાના મૂળ બંધારણથી વિપરીત બંધારણમાં સુધારા વધારા કરવા માટે પ્રતિનિધિ સભાની મંજૂરી લેવી પડશે **અથવા** આ માટે પ્રતિનિધિ સભા, પંચના હોદ્દેદારોને સત્તા આપી શકશે.

પ્રતિનિધિ સભાની બહાલી પછીજ આવી નિમણૂંક અથવા સંસ્થાઓનો આ અંગેના ઠરાવ માન્ય ગણાશે / અમલી બનશે.

૮. સમાજ સંચાલિત સંસ્થાની પત્રિકામાં, કંકોત્રીમાં **સમાજની ગરીમા જળવાય** તેવા બોલ્ડ લેટરમાં, "શ્રી બેતાલીસ દશા હુમ્મડ દિગંબર જૈન ચોખલા પંચ - ટ્રસ્ટ સંચાલિત" છાપવાનું રહેશે અને પત્રિકાની નીચે પંચના તમામ હોદ્દેદારોના નામ છાપવાના રહેશે જ.

૯. સમાજ સંચાલિત સંસ્થાઓના ફ્લેક્ષ બેનરમાં સમાજ કે પંચનું નામ યોગ્ય જગ્યાએ (ગરિમા જળવાય તે રીતે) લખવાનું રહેશે જ.

૧૦. સમાજની સંસ્થાઓના હોદ્દેદારોની / ટ્રસ્ટીઓની / કારોબારીની મિટિંગ વર્ષમાં એક વખત બોલાવવાની રહેશે. તેમાં સમાજના પ્રમુખ અને મંત્રીને આમંત્રણ આપવું **ફરજિયાત રહેશે.**

૧૧. સમાજ સંચાલિત બધી જ સંસ્થાઓમાં સમરસતા જળવાય તે માટે દરેક સંસ્થાઓમાં નીચેના હોદ્દાઓ હોવા જોઈએ પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી અને ખજાનચી.

૧૨. ધાર્મિક સંસ્કાર જળવાઈ રહે તે માટે આપણા સમાજમાં વેવીશાળ કરવો, આપણા સમાજ બંધુઓ માટે યોગ્ય અને હિતાવહ છે, છતા સંજાગો આધિન બીજા સમાજમાં વેવીશાળ કરવો પડે તો, આ શુભ પ્રસંગે સમાજ ફંડમાં રૂા. પાંચ હજાર આપવા વિનંતી છે.

(આ નિયમ, ૩૦ વર્ષ કે વધુ ઉંમરના માટે લાગુ પડશે નહીં)

૧૩. છૂટાછેડા બાબતે

૧. છૂટાછેડાની અરજી બંને પક્ષની સંમતિથી મળે તો તુરત જ યોગ્ય કાર્યવાહી સંચાલન સમિતિએ કરવાની રહેશે. તેનો નિર્ણય બંને પક્ષોએ અવશ્ય માન્ય રાખવો પડશે.

૨. પતિ-પત્નિના છૂટા-છેડા અંગેના પ્રસંગે, પત્નિને સાસરી પક્ષ તરફથી આપેલા સોના-ચાંદીના દાગીના તે સ્ત્રીને પાછા સોંપવાના રહેશે.

૩. પતિ-પત્નીના છૂટા-છેડા એકબીજાની સંમતિથી ન થાય તો, તેવી અરજીને ધ્યાનમાં રાખી, યોગ્ય કાર્યવાહી માટેની કમિટિ, હોદ્દેદારો / સંચાલન સમિતિ નીમશે. આ નિમેલી કમિટિની યોગ્ય કાર્યવાહી, બંને પક્ષોને બંધનકર્તા રહેશે.

૧૪. પંચ, આગામી પાંચ વર્ષ માટે પ્રમુખ નિમશે / પસંદ કરશે. જો એક કરતાં વધુ નામ, પ્રમુખ તરીકે આવે તો, પ્રમુખપદ માટેના સર્વે ઉમેદારોની સંમતિથી હાલના પ્રમુખ, સંચાલન સમિતિની સલાહથી પંચમાંથી ત્રણ કે પાંચ વ્યક્તિઓની જ્યુરી ઉઠાડશે. આ જ્યુરી સમાજના નવા પ્રમુખ માટેનું નામ સર્વાનુમતે/બહુમતીથી નક્કી કરશે જે સર્વે સભ્યોને માન્ય ગણાશે. પરંતુ પ્રમુખ તરીકેના કોઈપણ ઉમેદવારની મંજુરી જ્યુરી માટે ન હોય તો, પંચ તે અંગે યોગ્ય નિર્ણય કરશે.

૧૫. સમાજના ઉદેશોને પૂર્ણ કરવા. સં. ૧૯૮૫થી શરૂ થયેલ અને તે પછી શરૂ થયેલ, **આમ હાલમાં આ પંચ સંચાલિત નીચેની સંસ્થાઓ ચાલે છે.**

૧. શ્રી બેતાલીસ દશા હુમ્મડ દિગમ્બર જૈન ચોખલા પંચ ટ્રસ્ટ .

૨. શ્રી ૧૦૦૮ આદિનાથ દિગંબર જૈન મંદિર, કાકા બળિયાની પોળ, માંડવીની પોળ, અમદાવાદ. (ધાર્મિક પ્રવૃત્તિઓ, ત્યાગીજનોની આગતા સ્વાગતા વગેરે)

૩. શ્રી ૧૦૦૮ સંભવનાથ દિગંબર જૈન મંદિર, સુથાર વાડો, વિજાપુર. (ધાર્મિક પ્રવૃત્તિઓ વગેરે)

૪. શ્રીમતી ચંદનબેન છોટાલાલ માણેકચંદ શાહ, શ્રી બેતાલીસ દશા હુમ્મડ દિગંબર જૈન કેળવણી મંડળ. (શૈક્ષણિક પ્રવૃત્તિઓ, વિદ્યાર્થીઓને સ્કોલરશીપ વગેરે)

૫. શ્રી કેશવલાલ મગનલાલ દિગંબર જૈન ધર્મશાળા, ખાડીયા, અમદાવાદ. (યાત્રીઓની વ્યવસ્થા, સામાજિક મિટિંગો અને પ્રસંગો માટે વગેરે)

૬. શ્રી સમૂહ લગ્ન આયોજન સમિતિ.

૭. શ્રીમતિ ચંપાબેન કપીલભાઈ કોટડીયા અને શ્રીમતિ કાંતાબેન પોપટલાલ કોટડીયા વર્ધમાન ઉત્કર્ષ ફંડ. (સમાજના આર્થિકરીતે નબળા પરિવારોને શક્ય આર્થિક સહાયતા વગેરે)

૮. શ્રીમતિ ચુનીબહેન ચીમનલાલ હકમચંદ દિગંબર જૈન વિદ્યામંદિર ટ્રસ્ટ (શૈક્ષણિક પ્રવૃત્તિઓ વગેરે)

૯. શ્રીમતિ ચુનીબહેન ચીમનલાલ હકમચંદ દિગંબર જૈન જ્ઞાનમંદિર ટ્રસ્ટ (વિદ્યાર્થીઓ/નોકરીયાતોની આવાસ વ્યવસ્થા)

૧૦. શ્રીમતિ શકરીબેન તથા સુશીલાબેન બાબુલાલ કોદરલાલ ગાંધી અને શ્રીમતિ કાંતાબેન કાંતીલાલ કેશવલાલ શાહ ધાર્મિક શિક્ષણ શિબિર. (શ્રૃત સંવર્ધન ગ્રંથમાળા પ્રકાશન, ધાર્મિક શિક્ષણને લગતી પ્રવૃત્તિઓ વગેરે)

૧૧. જીવન સુરભી યોજના. (સભ્યના અવસાનબાદ તેના કુટુંબીજનોને આર્થિક સહાય વગેરે)

૧૨. સમાજની વેબસાઈટ. (સમાજની તમામ પ્રવૃત્તિઓનું નિદર્શન)

આ સંસ્થાઓ સમાજના બંધારણમાં રજૂ કરેલ ઉદ્દેશોને સિદ્ધ કરવા નવી રચાતી સંસ્થાઓનું નિયમન કરવા પંચ દ્વારા નિયુક્ત થયેલ આ જે તે સંસ્થાઓની કમિટિ / કારોબારી / ટ્રસ્ટી મંડળ / હોદ્દેદારો વગેરે જે તે સંસ્થાનું સંચાલન કરશે.

## વિભાગ-૩ સમાજના સૂચિત ધારા-ધોરણો અને નીતિ-નિયમો

આ ધારા-ધોરણોનું **નૈતિક રીતે, પોતાની ફરજ સમજીને સમાજની એકતા-સંગઠન જળવાય** તે રીતે પાલન કરવું. **આ ફક્ત માર્ગદર્શન માટે જ છે.** (વિભાગ-૩માં જરૂરી સુધારા-વધારા પ્રતિનિધિ સભા કરી શકશે.)

[૧] **વેવિશાળ સંબંધે**

૧. છોકરા અને કન્યાની ઉંમર ૧૮ વર્ષ કરતાં વધુ હોવી જોઈએ.

૨. ગામના પંચ સમક્ષ વેવિશાળ વિધિ કરતી વખતે જમાઈને કન્યાપક્ષ તરફથી પ્રથમ ચાંદીની લગડી, વધુમાં વધુ રૂ. ૧૧૦ તથા કુદરતી શ્રીફળથી વધુ આપવું નહીં.

૩. શ્રીફળ વિધિ કરવા કન્યાપક્ષ તરફથી વધુમાં વધુ ૧૧ માણસો (કન્યા સહિત) લઈ જવા.
કન્યાને ચાંદીની લગડી, સાડી / ડ્રેસ તથા રૂ. ૨૦૦ આપવા.

૪. બંને પક્ષો તરફથી વેવાઈ-વેવાણ તેડાવવાની પ્રથામાં **સંયમ** જાળવવો.

૫. વેવિશાળ કર્યા બાદ વરપક્ષવાળા પહેલ વહેલા કન્યાપક્ષવાળાને ત્યાં આવે તો

૧) વેવાઈને રૂ. ૧૦૦ થી

૨) જમાઈને રૂ. ૧૫૦ થી

૩) વેવાણને રૂ. ૨૦૦ થી

૪) છોકરાઓને રૂ. ૫૦ થી **વધુ ન આપવા.**

૬. અસાધ્ય રોગ જેવા કે લકવો, કેન્સર, ગાંડપણ, હિસ્ટેરીયા, થેલેસેમિયા, કોઢ વગેરે કારણે બંને પક્ષમાંથી કોઈપણ પક્ષે વેવિશાળ ફોક કરવાની અરજી આવે તો સદર વેવિશાળ, સંચાલન સમિતિને યોગ્ય લાગે તો તેવો વેવિશાળ ફોક કરશે.

૭. વેવિશાળ કર્યા પછી કન્યાને વસંત ચઢાવવા બે માણસોએ જવું.
વસંતમાં હેમનો દોરો - ૧, કાનની હેમની બુટ્ટી જોડ-૧, તથા ચાંદીની ઝાંઝરી જોડ-૧ આપવી
કન્યાપક્ષ તરફથી વસંત પ્રસંગે બધા મળી રૂ. ૩૦૦ થી વધુ ચાંલ્લો આપવો નહિ.

[૨] **લગ્ન પડીકું :**

કોરા કાગળમાં કંકુ વડે સાથીયો/શ્રી કાઢી, નીચે પાંચ પરમેષ્ઠિના પાંચ ચાંલ્લા કરી, પાંચ સોપારી મૂકી, સોપારી ઉપર ચાંલ્લા કરી, કંકુના છાંટા નાંખી, લગ્ન પડીકું બનાવવું.

[૩] **મામેરા પ્રસંગે**

૧. મામેરાની છાબના, કુલ મળીને રૂ. ૫૦ આપવાના રહેશે.

૨. મામેરાનું આમંત્રણ આપવા જનાર વ્યક્તિ-વ્યક્તિઓને કોઈપણ સગાનો (બહેન-બનેવી, ફોઈ-ફુવા કે ભાઈના ઘર સિવાય) ચાંલ્લો લેવો નહિ. આમંત્રણ આપવા અન્ય સગા કે કુટુંબીજનોના ઘરે જવું નહિં.

૩. કન્યા માટે પાનેતર, વરના કપડાંની જોડ-૧ મામેરામાં મૂકશે.

૪. મામેરાના શુભપ્રસંગે બન્ને પક્ષો તરફથી સમાજની સંસ્થાઓ (૧) શ્રી વિજાપુર મંદિર (૨) શ્રી માંડવીની પોળ મંદીર (૩) કેળવણી મંડળ (૪) આર્થિક સહાય સમિતિને યથા શક્તિદાન **આપવું જ.**

[૪] **લગ્નપ્રસંગે**

૧. સમૂહલગ્ન પ્રસંગે, સમૂહલગ્ન સમિતિએ નક્કી કરેલા, બધા જ નિયમોનું પાલન કરવું તથા કરાવવાનું રહેશે. **લગ્ન માટે છોકરાની ઉંમર ૨૧ વર્ષ અને છોકરીની ઉંમર ૧૮ વર્ષ હોવી જરૂરી છે.**

૨. સમૂહલગ્ન રાખવાનો નિર્ણય પ્રતિનિધિ સભાએ અગાઉના **વિક્રમ સંવત આસોવદ અમાસ** પહેલાં કરવાનો રહેશે.

૩. જો સમૂહ લગ્ન લેવાના નક્કી થાય તો,

(૧) તેના નીતિ-નિયમો સમૂહ લગ્ન સમિતિ કરશે.

(૨) **યોગ્ય કારણોથી** નરસા લગ્ન લેવા માટે સંચાલન સમિતિ, પ્રમુખ, મંત્રીની અગાઉથી લેખિત પરવાનગી લેવી પડશે.

(૩) તે સિવાય નરસા લગ્ન લેનારે, લગ્ન પહેલાં અગાઉથી સમૂહ લગ્નનો નકરો સમાજફંડમાં આપવાના રહેશે.

(૪) નસરું લગ્ન લીધા પછી સમૂહલગ્નનો નકરો તથા રૂ. ૫૦૦૦ સમાજફંડમાં આપવાના રહેશે.

૪. વર કે કન્યા સમાજ બહારની હોય તો પણ સમૂહ લગ્નમાં જોડાઈ શકશે. આ પ્રકારના નરસા લગ્ન લેનારને ઉપરનો નિયમ[૪]૩/ (૩) અને (૪) લાગુ પડશે.

૫. લગ્નનું મૂર્હુત જોવડાવવા તથા માપ લેવા **બે વ્યક્તિથી વધુ જવું નહિ**. કન્યા પક્ષ તરફથી બંને મળીને રૂ. ૨૦૦ થી વધુ ચાંલ્લો કરવો નહિ.

૬. લગ્ન પ્રસંગે, લગ્નનું કહેવા જવાનું કે તેડાં કરવા જવાનું સંદતર બંધ કરવામાં આવે છે. (પ્રથમ લગ્ન પ્રસંગે દિકરી, બેન અને ફોઈના ઘર સિવાય)

૭. લગ્ન પ્રસંગે, આમંત્રણ પત્રિકા (કંકોતરી) અન્યને પોસ્ટ કે કુરીયરથી મોકલવી.

૮. સમુહ લગ્ન હોય ત્યારે જ, લગ્નની કંકોતરી, સમાજના **પ્રમુખ-મંત્રીને કુરીયરથી ફરજિયાત** મોકલવાની રહેશે.

૯. સમાજની કોઈપણ યુવક કે યુવતી ધંધાર્થે કે અભ્યાસઅર્થે કે નોકરી અર્થે વિદેશમાં રહેતી હોય અને તે સમાજ તરફથી યોજનાર સમૂહલગ્નમાં જોડાઈ શકે તેમ ન હોય તો સમાજના પ્રમુખશ્રીની અગાઉથી લેખિત મંજુરી લઈ નરસુ લગ્ન લઈ શકશે. પરંતુ સમૂહલગ્નનો નકરો સમાજફંડમાં આપવામાં રહેશે.

૧૦. વર પરણવા આવે ત્યારે સાસુના સાલ્લાનો પાલવ પકડવાનો રિવાજ બંધ છે.

૧૧. લગ્નપ્રસંગે, કન્યા પક્ષ પાસેથી વરપક્ષવાળાએ કોઈપણ જાતનું **ભાડુ અગર ખર્ચ** લેવો નહિ.

૧૨. લગ્નપ્રસંગે, ફક્ત બન્ને પક્ષો તરફથી પગે પરણું તથા ખોળાની જે રકમ આવી હોય તે તથા બંને પક્ષ તરફથી જે ઉમેરી હોય તે રકમ ભેગી કરી કન્યાપક્ષની સંમતિથી કન્યા તથા જોઈન્ટમાં વરના નામથી ફીક્સ રાષ્ટ્રકૃત બેંકમાં મૂકવી.

૧૩. **પલ્લાની વિગત:** વરપક્ષ તરફથી પલ્લામાં હેમતોલા - ૭ (વસંત સાથે), ઝાંઝરી જોડ-૨ હલકા ભારે (વસંત સાથે), મોડીયો-૧, મોડીયાની સાડી-૧, દર્પણ-૧, દાગાની મૂકવાની ડબ્બી-૧, કંકુ, નારાછડી, શ્રીફળથી વધુ કંઈપણ આપવું નહી.

૧૪. સાથે આવનાર અનવરને, વરપક્ષ તરફથી રૂ. ૧૦૦ ચાંલ્લો કરવો.

૧૫. લગ્ન પ્રસંગે સમાજની સંસ્થાઓ (૧) શ્રી વિજાપુર મંદીર, (૨) શ્રી માંડવીની પોળનું મંદિર (૩) કેળવણી મંડળ (૪) આર્થિક સહાય માટેની સમિતિમાં યથાશક્તિ દાન આપવું જ.

૧૬. લગ્ન તથા બધા જ પ્રસંગના આમંત્રણ કાર્ડ ગુજરાતીમાં છપાવવા વિનંતી છે.

૧૭. વરઘોડામાં તથા સંગીત સંધ્યામાં **પૈસા/નોટો ઉછાળવી જોઈએ નહીં.**

૧૮. લગ્ન પ્રસંગે અનાથ બાળકો, દિવ્યાંગ અને ઘરડાઘરમાં ભોજનની વ્યવસ્થા થાય તો વધુ ઉત્તમ અને પ્રશંસનીય કાર્ય ગણાશે.

૧૯. **પહેરામણીની વિગત :** પહેરામણીમાં કન્યા પક્ષ તરફથી નીચે મુજબની વધુ આપવું નહિ

કંકુ, નારછડી, કંકાવટી-૧, મોરંટાની સાડી-૧, **વાસણોમાં :** પવાલી (ઢાંકણી સાથે)-૧, ગોળી (ઢાંકણ તથા કાંઠલા સાથે)-૧, ડોલ નંગ-૧, કથરોટ નંગ-૧, થાળી, વાડકી, ચમચી સાથે જોડ-૬, લોટા-૨, પ્યાલ નંગ-૬, સ્ટીલનાં કપ રકાબી જોડી-૩, જગ નં.-૧, બોઘેણુ નં. ૧ (ઢાંકણ સાથે), તપેલી નંગ-૫ (ઢાંકણ સાથે), ખુરશી નંગ-૨, વેલણ નંગ-૨ (લાકડાના) અને ચાંલ્લાના રૂ. ૧૦૦ આપવા.

[૫] **શ્રીમંત (સીમંત) પ્રસંગે :**

૧. કન્યાપક્ષ તરફથી બે વ્યક્તિઓએ જવું

૨. રાખડીના રૂ. ૨૫૦ અને ઘરમાં ચાંલ્લાના રૂ. ૩૫૦ થી વધુ ન આપવા

૩. વરપક્ષ તરફથી બધા મળીને રૂ. ૨૦૦ થી વધુ ન આપવા.

[૬] **દશાઈ પ્રથા બંધ કરવામાં આવેલ છે.**

[૭] **બાળકના જન્મ પ્રસંગે :**

૧. બાળકોને રમાડવા **કન્યાપક્ષથી આમંત્રણ હોય તો** પાંચ વ્યક્તિઓથી વધુ ન જવું.

૨. વેવાઈને રૂ. ૨૦૦, વેવાણને રૂ. ૩૦૦ અને જમાઈને રૂ. ૩૫૦ થી વધુ ન આપવા

૩. વેવાઈના છોકરાંને રૂ. ૫૦ થી વધુ ન આપવા

૪. કન્યાપક્ષ તરફથી પગલાં લઈને બે વ્યક્તિઓએ જવું. બંનેને રૂ. ૧૦૦-૧૦૦થી વધુ ચાંલ્લો ન કરવો.

[૮] **આણાં પ્રસંગે :**

૧. લગ્ન પછી, કન્યા પક્ષ તરફથી કન્યાને તેડવા જવાનું આણું બંધ કરેલ છે. તેડવા ફક્ત બે વ્યક્તિઓએ જવું. બંને રૂ. ૧૦૦-૧૦૦ થી વધુ ચાંલ્લો ન કરવો.

૨. જીયાણાના આણાં પ્રસંગે

 ૧. કુલ ૨૧ માણસો લઈ જવા તથા તેડાવવાના રહેશે (છોકરાં સિવાયના)

 ૨. વેવાઈને રૂ. ૨૦૦ થી, વેવાણનેરૂ. ૩૦૦થી તથા સાડી

 ૩. નણંદને તથા દેરાણી, જેઠાણીને રૂ. ૧૫૦ થી

 ૪. આવેલ છોકરાંને રૂ. ૫૦ થી

 **વધુ ન આપવું.**

[૯] **દિવા લાવવા પ્રસંગે**

દિવાળી પછી દિવા લાવવા માટે છોકરી(કન્યા) સાસરે જાય ત્યારે

૧. સાસુને પગે પૈણાના રૂ. ૨૦૦ થી

૨. વડસાસુને પગે પૈણાના રૂ. ૩૦૦ થી

**વધુ ન આપવા.**

[૧૦] **જાત્રા પ્રસંગે**

જાત્રા પ્રસંગે ચાંલ્લો, તેમજ જાત્રાથી આવ્યા પછી વળતો ચાંલ્લો (વાસણ કે રોકડ કે કોઈપણ વસ્તુ) આપવાનું સદંતર બંધ કરવામાં આવે છે. (બહેન-બનેવી, છોકરી, જમાઈ સિવાય)

[૧૧] **ઉપવાસ પ્રસંગે**

ઉપવાસ કરનાર તપસ્વીને રૂ. ૧૦ ભેટ તરીકે મૂકવા, પરંતુ **લહાણી આપવાનું સદંતર બંધ કરવામાં આવે છે.** (બહેન-બનેવી, છોકરી, જમાઈ સિવાય)

[૧૨] **અવસાન પ્રસંગે**

૧. લોકાચાર માટે / બેસણા માટે / પ્રાર્થનાસભા માટે એક જ મિતિ રાખવી.
**મિતિ સિવાય લોકાચાર જવું નહિ. બેસણા / પ્રાર્થના સભામાં <u>અચૂક શાંતિ જાળવવી</u>. બેસણા તથા પ્રાર્થના સભામાં ચા-પાણી ન આપવા. તેની વ્યવસ્થા બહાર કરવી.**

૨. સ્ત્રી વિધવા થાય ત્યારે કોઈએ **પિયરમાં મોં વાળવા જવું નહિ.**

૩. લોકાચાર માટે, શોકના સમયે સફેદ સાડી પહેરવી. નાની ઉંમરવાળાને ડ્રેસ ચાલશે (લાલ, પીળા, લીલા સિવાય)

૪. કોઈપણ વ્યક્તિના મરણ પાછળ તેના પરિવાર તરફથી સગાં-સંબંધીને **રોકડ રકમ, પૈસાનું કવર આપવાનું સદંતર બંધ કરવામાં આવે છે**. (વહુ-દીકરી-જમાઈ તથા બહેન-બનેવી સિવાય)

આ બંધારણ સમાજના જનરલ પંચમાં તા. ૨૮-૧૦-૨૦૧૮ના રોજ સર્વાનુમતે મંજૂર (પાસ) કરવામાં આવ્યું છે.

• **અન્ય સૂચનો મળ્યા છે. (અમલ કરવો કે ન કરવો એ આપ સૌ ઉપર છે.)**

૧. પ્રિ-વેડીંગ વિડીયોના ખર્ચ ન કરવા નમ્ર વિનંતી છે.

૨. બધા પ્રસંગોના જમણવાર રાત્રી સમયે ન રાખવા વિનંતી તથા ઘાસની લોનમાં ન રાખવા વિનંતી છે.